**ભચાઉના મહે. એડી.ચીફ જ્યુડી. મેજી. સાહેબની કોર્ટમાં**

**ફોજદારી કેસ નં. ૯૮૩/૨૪**

શ્રી રાહુલ વર્મા :: ફરીયાદી

વિરૂધ્ધ

(૧) જય અંબે હોલમાર્ક સેન્ટર નામની ભાગીદારી પેઢી

(૨) હેતલ હીતેષ પારેખ

(૩) ઉષા રવજી પારેખ

(૪) હીતેષભાઈ પારેખ

ઉપરોકત તમામ જય અંબે હોલમાર્ક સેન્ટર નામની ભાગીદારી પેઢી ના ભાગીદાર

રહે– તમામ– ગાંધીધામ કચ્છ

આરોપીઓ

**ગુનો :– બી.આઈ.એસ.ની ૧૪ અને ૧૫ કલમ મુજબ**

(૧) આ કામમાં ફરીયાદપક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે આ કામના આરોપીએ તા..૦૯/૦૨/૨૪ ના રોજ રેડ કરતા આ કામના આરોપીઓ વીરુધ્ધ બી.આઈ.એસ.ની ૧૪ અને ૧૫ કલમ મુજબની શિક્ષાનેપાત્ર ગુનો કરેલ. જે ગુનાની ફરીયાદ ફરીયાદીએ અત્રેની કોર્ટમાં ઈન્સાફી કાર્યવાહી થવા સારુ રજુ રાખેલ.

(૨) આરોપી અત્રેની અદાલત સમક્ષ હાજર થતા, આરોપીની પ્લી રેકર્ડ કરતા આરોપીએ ગુના અંગે ઈકરાર કરેલ છે. આરોપીએ ગુના કબુલાત પુરસીસ આપી જણાવેલ છે કે તેઓ કુટુંબ કબીલાવાળા માણસ છે, ફરી આવો ગુનો નહીં કરે, આ તેમનો પ્રથમ ગુનો છે જેથી દયા રાખવા અરજ કરેલ છે.

(૩) આ કેસમા આરોપીઓ સામે આક્ષેપીત ગુના અંગે ની સજાની જોગવાઈ જોવામા આવે તો કાયદાની કલમ–૨૯(૨) મુજબ એક વર્ષ ની અથવા તો ઓછામા ઓછી એક લાખ રુપાયાના દંડ ની જોવાઈ હોય તે આરોપીઓને ગુનાની શિક્ષાની સમજ આપવામાં આવેલ, તેમ છતાં ગુનો કબુલ મંજુર રાખેલ હોય, આરોપીની સ્વૈચ્છિક કબુલાત ન માનવાને કોઈ કારણ નથી. આરોપીન કબુલાત પુરસીસની હકીકતો તથા અત્રેની અદાલત સમક્ષની રજુઆતો ઘયને લેતા આરોપીને સબક સ્વરૂપે હળવી શિક્ષા કરવાથી ન્યાયનો હેતુ સરે તેમ હોય જેથી આ કામમાં ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

**:: હુ ક મ ::**

આ કામના તમામ આરોપીઓને બી.એન.એસ.એસ ની કલમ ૨૭૫ મુજબ બી.આઈ.એસ.ની કલમ–૧૪ અને ૧૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા બદલ તકસીરવાન ઠરાવી આરોપી દીઠ રૂા. ૧,૦૦,૦૦૦/– નો દંડ કુલ રૂ. ૪,૦૦,૦૦૦/– નો ભરવાનો

હુકમ કરુ છું. જો આરોપી દંડની રકમ ન ભરે તો દિવસ –૩૦ ની સાદી કેદ ની સજા ભોગવવાનો હુકમ કરુ છું.

મુદામાલ અંગે કોઈ કલેમ ના હોય સીજર મેમો મુજબનો મુદામાલ સરકાર ખાતે આથી જમાં કરવાનો આથી હુકમ કરવામા આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં  જાહેર કર્યો

મુ. ભચાઉ
તારીખ : ૧૨/૦૭/૨૦૨૫ **(વિશાલ યોગેશભાઈ ત્રિવેદી )**
એડી.ચીફ.જયુડી.મેજી. ભચાઉ જી. કચ્છ
**(UIC NO.GJ 01287)**